આધોઈ અને નખત્રાણામાં જુગાર રમતા આઠ ખેલીની ધરપકડ

ગાંધીધામ/ભુજ, તા. ૩ : ભચાઉના આધોઈ નજીક બાવળની આડમાં જુગાર રમતા ચાર ખેલીઓને પોલીસે પકડી પાડી રોકડ રૂા. ૧૧,૫૦૦ જપ્ત કર્યા હતા, જ્યારે નખત્રાણામાં પણ ચાર જુગારીની રોકડા રૂા. ૫૮૦૦ના મુદ્દામાલ સાથે પોલીસે ધરપકડ કરી હતી.

આધોઈ-લાકડિયા માર્ગ પર બાવળની આડમાં ગઈકાલે સાંજે અમુક શખ્સો ગંજાપાના વડે પોતાનું નસીબ અજમાવી રહ્યા હતા. તેવામાં અચાનક આવેલી પોલીસે અહીં પત્તા ટીંચતા અરવિંદ ધરમશી લુહાર, રાજેન્દ્રગિરિ હમીરગિરિ ગોસ્વામી, નવીન ઈશ્વર ઠક્કર તથા રફરાન રણછોડ કોળી નામના શખ્સોને પકડી પાડ્યા હતા. પકડાયેલા આ શખ્સો પાસેથી રોકડ રૂા. ૧૧,૫૦૦ જપ્ત કરાયા હતા. પોલીસને મોબાઈલ કે વાહનો મળ્યા નહોતા. બીજીતરફ એલસીબીએ બાતમીના આધારે ગઈકાલે રાતે નખત્રાણાના મક્તનગરમાં કપિલ સામત કોળી ઘરની બહાર આંગળામાં ગંજીપાના વડે જુગાર રમતા કપિલ ઉપરાંત રફીક સુમાર કુંભાર, સોહેબ ઈશાક હિંગોરજા અને ભાણજી હીરા સીજુ (રહે. તમામ નખત્રાણા)ને રોકડા રૂા. ૫૮૦૦ના મુદ્દામાલ સાથે ઝડપી નખત્રાણા પોલીસ મથકે ગુનો દાખલ કરાવ્યો હતો.

આદિપુરમાં બાઈક ચોરીનો ભેદ ઉકેલાયો : આદિપુરમાં થોડા સમય પહેલાં બાઈક ચોરી અંગે પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી. જે અંગે તપાસ કરી પોલીસે કિડયાના ઈમ્તિયાઝ ઉર્ફે ઈતુડો હનીફ ચાવડા, શેરમામદ ઉર્ફે શેરખાન ખેરમામદ સંઘી નામના શખ્સોને ઝડપી પાડ્યા હતા. આ શખ્સો પાસેથી બાઈક નંબર જીજે-૧૨-ઈએમ-૦૯૧૯ કિંમત રૂા. ૩૦,૦૦૦ જપ્ત કરાઈ હતી.

આડેસરમાં પત્તા વડે નસીબ અજમાવતા પાંચની અટક

ગાંધીધામ, તા. ૩ : રાપરના આડેસરમાં જાહેરમાં જુગાર રમતા પાંચ ખેલીની ધરપકડ કરવામાં આવી હતી. આ શખ્સો પાસેથી રોકડા રૂા. ૧૧,૨૦૦ જપ્ત કરાયા હતા. આડેસર ગામના રામમંદિર પાછળ આવેલી બાવળની ઝાડીમાં આજે બપોરે અમુક શખ્સો ગંજાપાના વડે પોતાનું નસીબ અજમાવી રહ્યા હતા. તેવામાં પૂર્વ બાતમીના આધારે અચાનક આવેલી પોલીસે અહીંથી ગામના નાથા ભલા સોલંકી, પ્રેમજી દેવજી સોલંકી, સામા ગોપાલ ધવડ, રવાજર કેલાસગિરિ ગોસ્વામી તથા દેસરા ગોપારા ગોહિલ નામના શખ્સોની ધરપકડ કરી હતી. પકડાયેલા આ શખ્સો પાસેથી પોલીસે રોકડ રૂા. ૧૧,૨૦૦ હસ્તગત કર્યા હતા.

છોતરપિંડીના ગુનાનો સાત માસથી નાસતો મોટા ભાડરાનો આરોપી જબ્બે

ભુજ, તા. ૩ : ભુજના બી-ડિવિઝન પોલીસ મથકમા ઠગાઇ છોતરપિંડીના દાખલ થયેલા ગુનામાં છેલ્લા સાતેક માસથી નાસતા-ફરતા આરોપી નવીન બુદ્ધાભાઇ પાયર (મહેશ્વરી) (રહે. મોટા ભાડરા તા. લખપત)ને પશ્ચિમ કચ્છની પેરોલ ફર્લો સ્કવોડે ઝડપી પાડ્યો હતો.

આ કામળીરીમાં પેરોલ ફર્લો સ્કવોડના પીએસઆઇ એમ. એલ. વાઘેલા, એ.એસ.આઇ. હરિલાલ બારોટ, હે.કો. કનકસિંહ ગોહિલ તથા ભૂપેન્દ્રસિંહ ઝાલા જોડાયા હતા.

ક્રાઈમ કોર્નર

આર.ઈ. પાર્કમાં વીજપોલ પર કામ દરમ્યાન વીજશોકથી પટકાતાં શ્રમિકનું મોત

ભુજ, તા. ૩ : ખાવડા બાજુના આર.ઈ. પાર્કમાં મૂળ પશ્ચિમ બંગાળનો ૨૭ વર્ષીય શ્રમિક મોહમદ સોલેમાન અબ્દુલ મનન ગઈકાલે વીજપોલનું રિપેરિંગ કામ કરી રહ્યો હતો ત્યારે વીજશોક લાગતાં તે ઉપરથી પડી ગયો હતો. માથામાં ગંભીર ઈજાના પગલે તેનું મોત નીપજ્યું હતું. મૂળ પશ્ચિમ બંગાળના માલદા જિલ્લાના એક ગામમાં રહેતો શ્રમિક મોહમદ મનન ગઈકાલે સાંજે આર.ઈ. પાર્કમાંની જ્યોતિ કંપનીના પાછળના ભાગે વીજપોલનું રિપેરિંગ કામ કરી રહ્યો હતો, ત્યારે અન્ય બે આજુબાજુની વીજ લાઈન ચાલુ હોવાથી તેને વીજ કરંટ લાગતાં તે થાંભલા પરથી નીચે પટકાયો હતો. આથી તેને માથામાં તથા શરીરે ગંભીર ઈજા પહોંચતાં સારવાર અર્થે ખાવડાની સરકારી હોસ્પિટલમાં ખસેડાયો હતો, જ્યાં ફરજ પરના તબીબે મૃત જાહેર કર્યો હતો. આ બનાવ અંગે ખાવડા પોલીસ મથકે પિગતાં જાહેર થતાં પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી તજવીજ હાથ ધરી છે.

પત્નીને ભરણપોષણ ન ચૂકવતાં પતિને ૩૬૦ દિવસની કેદની સજા

ભુજ, તા. ૩ : ઘરેલુ હિંસાથી સ્ત્રીઓની સુરક્ષાના અધિનિયમ તળે પત્નીને ભરણપોષણની રકમ ચૂકવવા પતિ નવીન ગોવિંદ વઢિયારા (રહે. રાધનપુર, જિ. પાટણ)ને ભુજ કોર્ટે ૩૬૦ દિવસની સખત કેદની સજાનો હુકમ ફરમાવ્યો છે. વર્ષ ૨૦૨૩માં અરજદાર જમનાબેને તેમના પતિ નવીન વઢિયારા વિરુદ્ધ શારીરિક-માનસિક ત્રાસ, લગ્ન સમયે આવેલા સ્ત્રીધન, રહેઠાણ અન્યત્રે ભાડું તથા નાણાકીય રાહત અંગે અરજી દાખલ કરતાં રૂા. ૭૨ હજાર અરજદારને ભરણપોષણ ચૂકવવા હુકમ થયો હતો, જેની તામીલ અરજી બીજા અધિક સીજ જ્યુ. મેજિ. જે.વી. બુદ્ધની કોર્ટમાં ચાલી જતાં ૭૨ હજાર ભરણપોષણ ન ચૂકવતાં પતિ નવીનને ૩૬૦ દિવસની સખત કેદની સજાનો હુકમ ફરમાવ્યો હતો. અરજદાર વતી એડવોકેટ એ.આર. મલેક, પ્રફુલ્લકુમાર બી. સીજુ, નવીન આર. સીજુ, કેશવ જે. ભટ્ટ હાજર રહ્યા હતા.

ચેક પરતમાં સજાનો હુકમ જિલ્લા કોર્ટેય માન્ય રાખ્યો

ભુજ, તા. ૩ : ત્રણ ચેક પરત ફરવાના કેસમાં આરોપી ભાવેશ મનજી કેરાઇને સજા અને વળતરનો હુકમ જિલ્લા કોર્ટે પણ માન્ય રાખ્યો છે. આ કેસની ટૂંક વિગતો મુજબ પતિના મિત્ર ભાવેશ મનજી કેરાઇને ધંધાર્થે કંતાબેન ક્રિશોરભાઇ વાયજિયાણીએ ૨૫ લાખ ઉછીના આપ્યા હતા. પાંચ-પાંચ લાખના લખી આપેલા પાંચ ચેક અપૂરતા ભંડોળના શેરા સાથે પરત ફરતાં કંતાબેને કેસ દાખલ કર્યો હતો. ત્રણ ચેકમાં આરોપી ભાવેશને ભુજની ચીફ કોર્ટે તકસીરવાન ઠરવી એક-એક વર્ષની જેલ તેમજ ચેક જેટલી રકમનું વળતર ચૂકવવા હુકમ કર્યો હતો, જેને આરોપીએ પડકારતાં જિલ્લા કોર્ટે પણ તે હુકમને માન્ય રાખતો આદેશ કર્યો છે. બંને કોર્ટમાં રજિયાદી-તા વકીલ તરીકે દિનેશ એમ. ગોહિલ, ધનજી મેરિયા, નીરજભાઇ આર. સુંદરા, સમીરભેન ચાકી, મેરુનીશાબેન મીર, મુકતાબેન વેગડ, વર્ષાબેન બારોટે હાજર રહ્યા હતા.

પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

PGVCL

પાવર બંધ રહેવાની નોટિસ

આવી અમારા માનવંતા વીજ ગ્રાહકોને જણાવવાનું કે, નીચે મુજબના વીજફીડરનું સમારકામ કરવાનું હોવાથી તે ફીડર તથા આ વીજફીડરને કોસિંગ થતાં ફીડરો નીચેની તારીખના રોજ દર્શાવેલ સમય સુધી બંધ રહેશે.

ક્રમ નં.	તારીખ	એસ.એસ.નું નામ	ફીડરનું નામ	ફીડર બંધ રહેવાનો સમય
૧	૦૫.૦૮.૨૦૨૬	૬૬ કેવી મુન્દ્રા ઈન્ડસ્ટ્રીયલ એસ.એસ.	૧૧ કેવી નાની ઢાબ એલ્ફ	સવારે ૦૮.૦૦થી બપોરે ૧૬.૦૦ વાગ્યા સુધી
			૧૧ કેવી જૂના બંદર જેષ્ઠાવાય	

કામ પૂર્ણ થયે અન્ય કોઈ પણ સૂચના આપ્યા વગર વીજ પુરવઠો પુનઃ ચાલુ કરી દેવામાં આવશે, જેની નોંધ લેવા વિનંતી.

કાર્યપાલક ઈજનેર, પીજીવીસીએલ માંડવી ડીવીઝન

ક્વોટેશન નોટિસ

નાયબ કાર્યપાલક ઇજનેરની કચેરી, માર્ગ અને મકાન પંચાયત પેટા વિભાગ, નુ હોસ્ટલ કોલોની રીંગ રોડ, કાર બંગલો કેમ્પમ, ભુજ-કચ્છ-૩૭૦૦૦૧, ફોન નં-(૦૨૮૩૨) ૨૨૨૮૫

આથી રસ ધરાવનાર માન્ય એજન્સી પાસેથી વર્ષ-૨૦૨૬/૨૭ના વર્ષ દરમ્યાન આવનાર કાર્યક્રમો માટે જિલ્લા પંચાયત ભવનને ઇલેક્ટ્રીક રોશનીથી શણગારવા માટે નીચેની વિગતે આઇટમના ભાવો રજી.એડી/સ્પીડ પોસ્ટથી અત્રેની કચેરીને પોકામાં મોકલ તા. ૧૦/૦૮/૨૦૨૬ સુધી કચેરી સમય દરમ્યાન મળી જાય તે રીતે મોકલવાના રહેશે. જે ભાવો તા. ૧૧/૦૮/૨૦૨૬ના રોજ બપોરે ૧૨.૦૦ કલાકે ખોલવામાં આવશે. જે સમયે ભાવ-ભરનાર એજન્સીએ રૂબરૂ હાજર રહેવાનું રહેશે.

ક્રમ	મટીરીયલ વર્ણન	જથ્થો	યુનિટ	ભાવ (ટેક્સ તણિત)
૧	સીરીઝ (૫૦ ફૂટ)	૧૨૦	નંગ	
૨	ફ્લોરીંગ કાસ્ટેટ	૮૦૦	ચો.મી.	
૩	રેડ કાસ્ટેટ	૮૦	ચો.મી.	
૪	સીરીઝ લાઈટ સ્ટ્રીંગ પ્લા (૫૦ ફૂટ)	૮	નંગ	
૫	સ્ટ્રેજ ૧૦ - ૧૨ (૨ નંગ)	૨૦૦	ચો.ફૂટ	
૬	કલર મેટલ લાઈટ	૬	નંગ	
૭	પાર લાઈટ કલર	૬	નંગ	
૮	પી.વી.સી. ખુરશી	૧૦૦	નંગ	
૯	ટેબલ (૨.૫ × ૫) ફૂટ	૫	નંગ	
૧૦	સાઉન્ડ સિસ્ટમ	૧	સેટ	

આ અંગેની વધુ વિગતો કચેરીના નોટિસ બોર્ડ પર કચેરી સમય દરમ્યાન જોવા મળશે. જરૂરી વધ-ઘટ કરવાની અને ભાવો મંજૂર કરવા કે નામંજૂર કરવાની સત્તા નીચે સહી કરનાર અધિકારીશ્રીની રહેશે.

નાયબ કાર્યપાલક ઇજનેર
માર્ગ અને મકાન પંચાયત પેટા વિભાગ
ભુજ-કચ્છ.

(નામાર્ન/કચ્છ/૫૪૬/૨૦૨૬-૨૭)

જાહેર નિવિદા

ગુજરાત સરકાર
વન વિભાગ

નાયબ વન સંરક્ષકની કચેરી, કચ્છ પશ્ચિમ વન વિભાગ, ભુજ-કચ્છ.
અરિહંત નગર રોડ, ભુજ-કચ્છ.
ફોન નં. ૦૨૮૩૨-૨૩૧૫૦૦, Email : dcfwest@gmail.com

કરાર આધારિત નિમણુક અંગેની જાહેરાત (વોક-ઈન-ઈન્ટરવ્યૂ)

કચ્છ પશ્ચિમ વન વિભાગ, ભુજના ચાડવા રણાલ તેમજ કચ્છ પશ્ચિમ વન વિભાગ હસ્તકની રેન્જના કાર્ય વિસ્તાર માટે ૧૧ માસના કરાર આધારિત નિમણુક બાબતે જરૂરી લાયકાત ધરાવતા ઉમેદવારોને પત્રિત કરવા નીચે વિગતે વોક-ઈન-ઈન્ટરવ્યૂ રાખવામાં આવેલ છે. જેમાં નીચેની વિગતે લાયકાત ધરાવતા ઉમેદવારોએ લેખિતમાં લાયકાત, ઉમ્મર અંગેના પુરાવા, અનુભવના સર્ટિફિકેટની પી.ડી.એફ. ફાઈલ બનાવી dcfwest@gmail.com પર તા. ૦૭/૦૮/૨૦૨૬, ૧૮:૦૦ કલાક સુધીમાં મોકલવાની રહેશે. જેમાં નિયત લાયકાત ધરાવતા ઉમેદવારોનું ઈન્ટરવ્યૂ તા. ૧૦/૦૮/૨૦૨૬ના રોજ બપોરના ૧૫:૦૦ કલાકે રાખવામાં આવેલ છે. ઈન્ટરવ્યૂ સમયે સ્વસ્ત પ્રમાણપત્ર તેમજ સ્વપ્રમાણિત નકલ સાથે કચ્છ વન વર્તુળ કચેરી, ભુજ ખાતે સ્વખર્ચે ઉપસ્થિત રહેવાનું રહેશે.

ક્રમ	જગ્યાનું નામ	સંખ્યા	લાયકાત	સંભવિત ફીક્સ માસિક મહેનતાણું
૧	વેટરનરી ડોક્ટર (ચાડવા ખાતે તેમજ કચ્છ પશ્ચિમ વન વિભાગ હસ્તકની રેન્જના કાર્ય વિસ્તાર માટે)	૨	૧. વેટરનરી સાયન્સ બેચ એનિમલ હસ્બન્ડરી (BVSC & AH)ની ડિગ્રી ધારક હોવા કેન્દ્ર સરકાર રાજ્ય સરકારમાં સ્થાપિત કે તેમાં સમાવિષ્ટ યુનિવર્સિટીમાંથી વેટરનરી સાયન્સ એન્ડ એનિમલ હસ્બન્ડરીમા જોઈએ. (BVSC & AH) ડિગ્રીધારક હોવા જોઈએ. ૨. વાઈલ્ડ લાઈફ / મુગ્ધ કામગીરીનો અનુભવ ધરાવનારને પ્રાથમિકતા આપી શકાશે. ૩. ગુજરાત મુલ્કી સેવા પનીત્રણ અને ભરતી, નિયમો (સામાન્ય) ૧૯૬૭માં કરાયા પ્રમાણેની લોમ્યુટ્રલના ઉપાયોગ અંગેની પાસાની જાણકારી ધરાવતા હોવા જોઈએ.	રૂા. ૪૫,૩૫૦/-
૨	સ્ટોકમેન / કમ્પાઉન્ડર / લાઈવ સ્ટોક ઈન્સ્પેક્ટર (ગાડવા ખાતે તેમજ કચ્છ પશ્ચિમ વન વિભાગ હસ્તકની રેન્જના કાર્ય વિસ્તાર માટે)	૨	૧. ઓફેશનની તારીખના રોજ ઉમેદવારની ઉમ્મર ૧૮ વર્ષની ઓછી ન હોવી જોઈએ. ૨. હેન્ડ અથવા રાજ્ય રૂપિ અથવા પશુ ચિકિત્સા વિશ્વ વિદ્યાલય અધિનિયમથી સ્થાપિત કે તેમાં સમાવિષ્ટ તેમજ ભારતીય કૃષિ સંશોધન પરિષદ (ICAR)ની માન્યતા પ્રાપ્ત કોઈ પણ વિશ્વ વિદ્યાલયમાં મળવેલ પશુ ચિકિત્સા વિજ્ઞાન અને પશુપાલનની ત્રણ વર્ષનાં ડિપ્લોમાં ધરાવતા હોવા જોઈએ. ૩. ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં કરાયા પ્રમાણેની લોમ્યુટ્રલના ઉપાયોગ અંગેની પાસાની જાણકારી ધરાવતા હોવા જોઈશે.	રૂા. ૨૩,૩૪૦/-

ઉપરની જગ્યા ફક્ત ૧૧ માસ માટે કરાર આધારિત છે. યોગ્ય ઉમેદવાર અને કામગીરીના સંદર્ભમાં આ કરાર ૧૧ માસ પછી વધુ સમય માટે લંબાવી શકાશે. અન્યથા ૧૧ મહીના સમયગાળો પૂરો થતાં આપ આપ કરાર પૂર્ણ થશે. સરકારુ જગ્યા કરારીય તથા પ્રોજેક્ટ આધારીત હોઈ કાયમી નિમણુક માટે ભવિષ્યમાં હક્ક દાવો કરી શકાશે નહીં, તથા ઉમેદવારે તે બાબતની બાંહેધરી પણ આપવાની રહેશે.

નાયબ વન સંરક્ષક
કચ્છ પશ્ચિમ વન વિભાગ, ભુજ.

(નામાર્ન/કચ્છ/૫૪૩/૨૦૨૬-૨૭)

પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, વિભાગીય કચેરી, ભચાઉ-કચ્છ.

PGVCL

જાહેર વિજ્ઞપ્તિ

આવી અમારા માનવંતા વીજ-ગ્રાહકોને જણાવવાનું કે, ભીમાસર અને બાલાસર પેટા વિભાગીય કચેરીમાં નીચે જણાવેલ ફીડરો જરૂરી સમારકામ માટે નીચે જણાવ્યા પ્રમાણે તારીખના રોજ સવારે ૯વી સાંજે ૫ વાગ્યા સુધી બંધ રહેશે, તેમજ સદર જેષ્ઠાવાય ફીડરના કોસિંગમાં આવતા એજી ફીડરો પણ જરૂરીયાત મુજબ બંધ રાખવામાં આવશે. કામ પૂર્ણ થયે અન્ય કોઈ પણ જાતની સૂચના આપ્યા વગર વિજ-પુરવઠો પુનઃ ચાલુ કરી દેવામાં આવશે, જેની નોંધ લેવા વિનંતી.

૧૧ કેવી ફીડરનું નામ	તારીખ	બંધ રહેનાર વિસ્તાર
૧૧ કેવી વરણું (જે.જી.વાય.) / (ભીમાસર)	તા. ૦૫.૦૮.૨૦૨૬ સવારે ૮.૦૦વી સાંજે ૫.૦૦	બાંભણસર, વરણું, આડેસર, લખાગઢ, સુખપર, નંદા, વિજાપર તથા ફીડરમાં આવતો તમામ વિસ્તાર
૧૧ કેવી આડેસર (એજી)/(ભીમાસર)	તા. ૦૫.૦૮.૨૦૨૬ સવારે ૮.૦૦વી સાંજે ૫.૦૦	આડેસર (એજી) તથા ફીડરમાં આવતો તમામ વિસ્તાર
૧૧ કેવી રબારકા (એજી)/(ભીમાસર)	તા. ૦૫.૦૮.૨૦૨૬ સવારે ૮.૦૦વી સાંજે ૫.૦૦	રબારકા (એજી) તથા ફીડરમાં આવતો તમામ વિસ્તાર
૧૧ કેવી વ્રજવાણી (જેજીવાય)/ (બાલાસર)	તા. ૦૬.૦૮.૨૦૨૬ સવારે ૮.૦૦વી સાંજે ૫.૦૦	બેલા, મોચાણા, બાલાસર તથા ફીડરમાં આવતો તમામ વિસ્તાર
૧૧ કેવી બાલાસર (એજી)/(બાલાસર)	તા. ૦૬.૦૮.૨૦૨૬ સવારે ૮.૦૦વી સાંજે ૫.૦૦	બાલાસર (એજી) તથા ફીડરમાં આવતો તમામ વિસ્તાર

અરજદાર પોતાની કચિયાદ અમારી કંપનીના ટોલ ફ્રી નંબર-૧૮૦૦૨૩૧૫૩૩ તથા ભીમાસર અને બાલાસર પેટા વિભાગીય કચેરીના કમ્પ્લેઈન્ટ કોલ સેન્ટર નંબર ૦૬૮૦૬ ૩૩૬૦૬ અને ૦૬૮૦૬ ૩૩૬૦૭ પર દર્જ કરાવી (જણાવી) શકે છે.

કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, પીજીવીસીએલ, ભચાઉ

સ્વચ્છ-સુઘડ ઘર જ પરિવારને રોગમુક્ત રાખે છે

An ISO 9001:2015 Certified Company

Mr. SENT Tiles Cleaner
- કીડાણું તથા ડાઘોને દૂર કરે છે
- વાતાવરણ શુદ્ધ બનાવે

ગ્રીસ ઓફ ડાઈટ ફ્રીનાઈલ ઓફરદા સ્ટ્રોંગ
ડાઈનિંગ ટેબલ ઉપર પાણી કરી શકાય

OKAY FRESH નેપ્થેલીન બોલ્સ
કિંમતી કપડાની ચિંતા છોડો, 'ઓકે ફ્રેશ' તે સુકાત સોંપો.
પાવરફુલ

ગ્રેફીનો ફ્રીનાઈલ
BLACK DISINFECTANT FLUID
માર્બલ-મારફરશી છે કાયમી ભાત ? ફ્રેફીનો ફ્રીનાઈલ રાખો પાસ.

કચ્છના ડિસ્ટ્રીબ્યુટર્સ

ભુજ: હરિ ૐ એજન્સી M. 94290 83779
ગાંધીધામ: ભવાની એન્ટરપ્રાઈઝ M. 99099 19974
નખત્રાણા: આર્ય એજન્સી M. 94280 33317
અંજાર: મીના ટ્રેડર્સ M. 99131 28640, 99131 28640
મુન્દ્રા: નિખિલ એન્ટરપ્રાઈઝ M. 99791 99927
ભચાઉ: મહેતા એજન્સી M. 98791 95995
માધાપર: કશીષ એજન્સી M. 98989 76650
માંડવી: ભાનીલા માર્કેટીંગ M. 99097 27737

Sale Service

Appointment

JOB

REQUIREMENT

The Kachchh District Central Co-Operative Bank Ltd. Kachchh, Established in the year 1959 and having business in the District of Kachchh, Bhuj.The Kachchh District Central Co-Operative Bank Ltd. Kachchh is a one of the developing bank in the district. Inviting application for the following post:-

CHIEF EXECUTIVE OFFICER (CEO)-1 QUALIFICATION

Graduate with CAIIB / MBA / DBF / Diploma in co- operative Business management Or Chartered /Cost Accountant, or Post-graduate in any discipline Preference will be given to candidate having degree from reputed university. Knowledge of Gujarati language is must.

EXPERIENCE

Minimum experience should be of 8 Years In middle/senior level Officer in Banking Industry, Experience in Audit, Banking, Credit with Interest in HRD& Administration will be given due weightage.

AGE

Person should be between 35 to 62 Years of age

OTHER TERM

Initial appointment will be for 3 years and may be renewed for further period on performance base.

SALARY

Adhoc Salary will be paid and it is negotiable for the desired candidate. The candidate will not be eligible for any other benefits.

The application must reach to the undersigned at Our Administrative Office:-The Kachchh Dist. Central Co-Op Bank Ltd. Vijay Nagar Char Rasta, Hospital Road Bhuj-Kachchh within 15 days from the date of advertisement along with testimonials. The application also can be submitted on our Email id

hr@thekachchhdccb.co.in

B/o of Board of Director
T.H. PATANI
Chief Executive Officer

Bhuj- Kachchh.
Date :- 03.08.2026

કચ્છમિત્ર એપોઇન્ટમેન્ટ

મંગળવાર | ગુરુવાર | શનિવાર

ભાવ B/W રૂા. ૩૬૦/- પ્રતિ કો. સે.મી.

જાહેરખબર વિભાગ, કચ્છમિત્ર કાર્યાલય, ઈન્દ્રાબાઈ પાર્ક પાસે, ભુજ.
વોટ્સ અપ/મોબાઈલ નંબર : ૮૪૬૦૩ ૦૩૨૩૩

બેંક ઑફ ઇન્ડિયા Bank of India BOI
તંમારો બેંક મુંડી

ઝોનલ ઓફીસઃ ગાંધીનગર ઝોન, બીઓઆઈ બીલ્ડિંગ, સેક્ટર-૧૬, ગાંધીનગર.
ફોનઃ ૦૭૮-૨૯૬૪૪૧૯, ઈ-મેઈલઃ Gandhinagar.ARD@bankofindia.bank.in

ઈ-હરાજીની તારીખઃ ૨૫.૦૮.૨૦૨૬, સમયઃ સવારે ૧૧:૦૦ થી સાંજે ૫:૦૦ ઈએમડી અને બીડ ડોક્યુમેન્ટ જમા કરાવવાની છેલ્લી તારીખઃ ૨૫.૦૮.૨૦૨૬, બપોરે ૩:૦૦ સુધી

સિક્યોરિટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્શિયલ એસેટ્સ એન્ડ એનફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ના નિયમ ૮(૬) ઝાર્ય વંચાણે લેતા ઉદ્દેશ જંગમ અને સ્થાવર મિલકતના વેચાણ માટેની ઈ-હરાજીના નોટિસ.

આથી જાહેર જનતાને સામાન્ય રીતે અને કરજદાર(રો) અને જામીનદાર(રો)ને નોટિસ આપવામાં આવે છે કે નીચે વર્ણવેલ સ્થાવર અને જંગમ મિલકતો બેંક ઓફ ઈન્ડિયા, સિક્યોર્ડ કેડિટર પાસે ગિરવે / હાઈપોથેકેટ / પ્લેજ/ચાર્જમાં મૂકેલ છે જેનો પ્રત્યક્ષ કબજો બેંક ઓફ ઈન્ડિયા, સિક્યોર્ડ કેડિટરના અધિકૃત અધિકારીએ લીધો છે જેનું 'જેમ છે જ્યાં છે, જે છે તે છે અને જે કંઈ છે તે છે' ના આધારે નીચે દર્શાવેલ ખાતા/ખાતાં વસુલાત માટે વેચાણ કરવામાં આવશે. કરજદાર(રો) / જામીનદાર(રો) / રિઝર્વ કિંમત / ઈ-હરાજીની તારીખ અને સમય, ઈએમડી અને બીડમાં વધારે કરવાની રકમ વગેરેની વિગતો નીચે દર્શાવેલ છે.

સ્થાવર મિલકતોની ઈ-હરાજી વેચાણ નોટિસ

ક્રમ નં.	કરજદારના નામ અને હુલ બાકી	સ્થાવર અને અસ્થાવર મિલકતોની વિગતો	રિઝર્વ કિંમત (રૂા.)	ઈએમડી (રૂા.)	લાભાર્થી શાખા, ખાતા નં. IFS કોડ અને સંપર્ક નં.
૦૧	શ્રી વીપલ ખેંગરભાઈ ચોહાણ (કરજદાર) સરફેસી કાયદો, ૨૦૦૨ની કલમ ૧૩(૨) હેઠળ તા. ૧૮.૧૦.૨૦૧૬ના રોજ જારી કરેલ માંગણા નોટીસ મુજબ રૂા. ૩,૮૮,૩૦૬.૦૦ ત્યારબાદ આગળનું ચડત વ્યાજ / ચાર્જ / કોસ્ટ / ખર્ચ (પ્રત્યક્ષ કબજો)	સોઢાંક મિલકત, પ્લોટ નં. ૧૯૪, આર. એસ. નં. ૫૫૩/૧, ૫૫૩/૨ અને ૫૫૪, ક્રેયપાલ નગર, મિલ્ક ડાઈનીંગ, અર્ચના હાઈટેક ટ્યુબીટ સામે, ચાલ-પુર થી સાખીપાવડી હાઈવે ઉપર (એનએચ. નં. ૧૧), સીમતલ, ગામઃ લકડીયા, તા. ભચાઉ, જીલ્લો કચ્છ. માપ ૮૩.૬૩ ચો.મી.	૧,૪૩,૦૦૦/-	૧૪,૩૦૦/-	ખાતા નં. ૩૮૧૬૯૦૦૦૦૦૦૦૩૩ ઈન્ટરમીડીયરી બેંક ખાતુ BOI, માધાપર શાખા, IFSC: BKID0003816
૦૨	મે. જીનમ એરો ઈન્ડ્રસ્ટ્રીઝ (કરજદાર અને પ્રોપરાઈટર સંકલ્પ વિક્રમભાઈ મતા) અને શ્રી વિક્રમ જીવા મગ મતા (જામીનદાર અને ગીરોદાર) મરકેની કાયદો, ૨૦૦૨ની કલમ ૧૩(૨) હેઠળ તા. ૦૮.૦૮.૨૦૨૫ના રોજ જારી કરેલ માંગણા નોટીસ મુજબ રૂા. ૮૬,૦૦,૦૧૮.૨૭ ત્યારબાદ આગળનું વ્યાજ/ચાર્જ/કોસ્ટ/ખર્ચ (પ્રત્યક્ષ કબજો)	નોંધાયેલ/કાનુની ગીરો મુકેલ ઈન્ડ્રસ્ટ્રીયલ મિલકત, આર.એસ. નં. ૨૪૬/પી૨, આશાપુરા મંદિર પાસે, સનાતલ બાયપાસ રોડ પાસે, ગામઃ સુખડક, તાલુકા ભુજ, જીલ્લો કચ્છ. શેત્રફળ ૨૦૦૦ ચો.મી. (પ્લાન્ટ અને મશીનરી વગર) શ્રી વિક્રમ જીવા કારા મતા ના નામની મિલકત.	૪૮,૨૦,૦૦૦/-	૪,૮૨,૦૦૦/-	ખાતા નં. ૩૮૦૯૦૨૦૦૦૦૦૦૩૩ ઈન્ટરમીડીયરી બેંક ખાતુ BOI, ભુજ શાખા, IFSC: BKID0003800
૦૩	મે. ટી.સી. ટ્રેડર્સ (ભાગીદારી પેઢી), ખાતા નં. ૩૮૫૦૩૦૧૧૦૦૦૦૦૯૮ (કેશ ક્રેડીટ) ભાગીદારઃ (૧) શ્રી પ્રફુલ બંસલ જે તાચર્યક બંસલના પુત્ર (ભાગીદાર, કરજદાર અને ગીરોદાર), ભાગીદારઃ (૨) શ્રીમતી રીશી બંસલ જે પ્રફુલ બંસલના પત્નિ (ભાગીદાર અને કરજદાર), જામીનદારઃ શ્રીમતી સંગીતા બંસલ જે તાચર્યક બંસલના પત્નિ (જામીનદાર અને ગીરોદાર), રૂા. ૧૧,૫૩,૧૭,૨૬૯.૯૪ (વિભાજન ૧૩(૨) મુજબની ખાતાની બાકી રૂા. ૧૧,૪૬,૩૯,૩૮૯.૧૬ + રૂા. ૩,૭૭,૪૭૧.૨૮ (લાગુ પડી કરેલ વ્યાજ) કુલ રૂા. ૧૧,૫૩,૧૭,૨૬૯.૯૪) સાથે તે પછી આગળનું વ્યાજ /ચાર્જ/કોસ્ટ/ખર્ચાઓ. (બબ્બે સાઈટેક)	ઈન્ડ્રસ્ટ્રીયલ જમીન અને ઈમારત પર બનાવેલ ન્યાયપુર્ણ ગીરો, પ્લોટ નં. ૪, આરએસ નં. ૨૩ અને ૨૮, ગામઃ મંથપર બોરીચી, તાલુકા અંજાર, જીલ્લો કચ્છ, ગુજરાત-૩૭૦૧૧૦. કુલ માપ ૧૨૪૩૯.૩૦ ચો.મી.	૧૪૪૪.૦૦ લાખ	૧૪૩.૦૦ લાખ	ખાતા નં. ૩૮૫૦૨૦૦૦૦૦૦૩૩ ઈન્ટરમીડીયરી બેંક અંકા., BOI, ગાંધીધામ શાખા, IFSC: BKID0003850

ઈ-હરાજીના નિયમો અને શરતોઃ (૧) ઈ-હરાજી 'જેમ છે જ્યાં છે, જે કંઈ છે તે છે અને જે કંઈ છે તે ત્યાં છે' ના આધારે થશે અને 'ઓનલાઈન' યોજાશે. (૨) વધારે વિગતો, પ્રક્રિયા પૂરી કરવા અને નિયમો અને શરતો ડઉનલોડ કરવા માટે મહેરબાની કરીને જુઓઃ બે https://www.bankofindia.bank.in બી: ઈ-હરાજી સર્વિસ પ્રોવાઈડરની વેબસાઈટ: https://www.baanknet.com બીડરો માટે જરૂરી શૈક્ષણિક વિડિયોઝ સાથે "ગાઈડલાઈન્સ" ઉપલબ્ધ છે. બીડરોએ નોંધની ઓપચારિકતાઓ એકત્રાવામાં પૂરી કરવાની રહેશે: પગલું ૧: બીડર ખરીદાર રજિસ્ટ્રેશન: બીડરે પોતાના મોબાઈલ નંબર અને ઈ-મેઈલ આઈડીનો ઉપયોગ કરીને ઈ-હરાજી પ્લેટફોર્મ (ઉપર આપેલ લિંક) પર રજિસ્ટ્રેશન કરાવવાનું રહેશે. પગલું ૨: કેવાયસી વેરિફિકેશન: બીડરે જરૂરી કેવાયસી દસ્તાવેજો અપલોડ કરવાના રહે